# એક ભગવાધારીએ સામેથી આવીને **સજા માગી** અને...

**મારા પત્રકાર મિત્ર બટુક વોરાએ અયોધ્યાના મિત્રો તરફથી મળેલો અહેવાલ મને બતાવ્યો હતો. ત્યાં ધનસંપત્તિ માટે ‘‘સંતો’ વચ્ચે કેવી મારકાપ ચાલતી હોય છે એનો એ અહેવાલ હતો. અલબત્ત, આ મારકાપમાં એ ‘‘સંતો’નોય વાંક નથી. ધનની અને સત્તાની લાલચ તો સાહિત્ય સ્વામીઓને સુધ્ધાં લુચ્ચાઇ અને કાવતરાબાજી કરવા પ્રેરે છે..**

## આનંદ વિરુદ્ધ આનંદ

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા

‘‘ઇન્સ્પેકટર સાહેબ! હર ભોલે, હર ભોલે! મેરે સે બોત ખડા પાપ હો ગયા હૈ. મુઝે હિરાસતમે લે લો! મેરેકુ જો સજા મિલની ચાહિયે વો દિલવાઓ! હર ભોલે હર ભોલે!’’ અમદાવાદના એક પોલીસ સ્ટેશનમાં આવીને આ પ્રમાણે એક ભગવાધારીએ સામેથી સજા માગી ત્યારે સ્વાભાવિક જ આખા પોલીસ સ્ટેશનમાં સન્નાટો છવાઇ ગયો. સ્ટેશન ઇનચાર્જ પોલીસ ઇન્સ્પેકટર પરમારથી માંડીને સમગ્ર સ્ટાફ આ ‘પવિત્ર’ આત્માને વન્દન કરી રહ્યા કારણ કે એક સેકયુલર સરકારનો સ્ટાફ હોવા છતાં દેવીદેવતાઓની અસંખ્ય મૂર્તિઓ અને તસવીરો પોતાનાં સ્ટેશનોમાં અને વાહનોમાં રાખનારી બહુમતી પોલીસ જેવો જ આ સ્ટાફ હતો. ભગવો રંગ જોયો નથી કે પાયે લાગ્યા નથી!

આવા સંસ્કારવાળી પોલીસ સમક્ષ એક સાધુ સવારના પહોરમાં સજા માગતો આવે ત્યારે સન્નાટો છવાઇ ન જાય તો બીજું શું થાય? પોલીસવાળા બધા એ સાધુ મહારાજને ‘બાપજી, બાપજી’ કરવા લાગ્યા અને એનું હર પ્રકારે સ્વાગત કરવા આતુર બની ગયા. ‘બાપજી’ને પાણી, પછી લીંબુનું શરબત, પછી ફરાળી ચેવડો તથા કેળાનો નાસ્તો વગેરે ધરીને તૃપ્ત કર્યા પછી ઇન્સ્પેકટર પરમારે પૂછ્યું, ‘‘હા, બાપજી! હવે બોલો. તમે શું કહેતા હતા?’’

‘‘હું કહેતો હતો, બચ્ચા,’’ આટલી આગતાસ્વાગતા પછી સાધુ મહારાજને પોતાના સાધુપણાનો ઘમંડ પુનઃ યાદ આવી ગયો લાગ્યો. ‘‘હું કહેતો હતો કે મારે હાથે એક માણસનું મોત થઇ ગયું છે. અકસ્માત જ... મારી જરાય ઇચ્છા વગર... પણ મોત એટલે મોત, ખરું ને! એની સજા પણ મોત!’’

‘‘ના, બાપજી, ના!’’ પરમાર તો પીગળી પીગળી રહ્યો હતો. કાં તો એને પ્રમોશન જોઇતું હતું અને કાં પ્રેમિકાને રીઝવવી હતી. એવા સ્વાર્થ ખાતર જ ભગવાધારીઓને મસ્કા મારવામાં આવે છે ને! એણે ચલાવ્યું, ‘‘કાયદામાં તો બધી છૂટછાટ છે. અકસ્માત મોત બદલ નામની જ સજા થાય છે અને જો પોતાના બચાવમાં હત્યા થઇ ગઇ હોય તો... તો તો... સેલ્ફ ડિફેન્સ દરેક નાગરિકનો મૂળભૂત અધિકાર છે.’’

‘‘બસ, એમ જ! એમ જ! હર ભોલે, હર ભોલે!’’ સાધુ મહારાજ બોલ્યા. ‘‘એણે મારા પર ખોટો આક્ષેપ મૂકયો, મેં એને ખરીખોટી સુણાવી. એણે મને મારવા હથિયાર ઉગામ્યું. ઉશ્કેરાટમાં ને ઉશ્કેરાટમાં... મારો જાન બચાવવા... મેં મારું ત્રિશૂળ ફેંકયું. ત્રિશૂળ એની છાતીમાં વાગ્યું અને... હર ભોલે... હર ભોલે!’’

ઇન્સ્પેકટર પરમાર અને એમનો સમગ્ર સ્ટાફ આ સત્યવકતા સંત ભણી અહોભાવથી તાકી રહ્યા અને વન્દન કરી રહ્યા. પરમારે પોતાના એક જમાદારને આ સાધુ મહારાજની કેફિયત નોંધી લેવા જણાવ્યું.

પોલીસ સ્ટેશને સામેથી આવેલા એ સાધુનું નામ અશોકાનંદ ગુરુ પ્રબોધાનંદ હતું. અમદાવાદથી ગાંધીનગરને રસ્તે બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળવા લાગેલા ‘આશ્રમો’માંથી એક આશ્રમમાં એ રહેતો હતો. આ જ આશ્રમમાં એના ગુરુ પ્રબોધાનંદનો એક ચેલો આનંદાનંદ પણ રહેતો હતો. બંને ચેલાઓને એક એક ઓરડો સોંપીને તથા આશ્રમની ભલામણ કરીને ગુરુ એકાદ વરસથી હિમાલય ગયા હતા.

‘‘ગઇ પંદરમી તારીખ ને બુધવારે આનંદાનંદે ગાંજો કંઇક વધારે પડતો પી લીધો હશે. એણે પોતાના ઓરડામાં બેઠાં બેઠાં મને ગાળો ભાંડવા માંડી. એનો ખાસ આરોપ એ હતો કે મેં આશ્રમની આવકના લાખો રૂપિયા દબાવ્યા છે!’’ અશોકાનંદે લખાવ્યું.

‘‘કયા રૂપિયા?’’ પરમારે પૂછ્યું.

‘‘અબ કયા બતાઉં’’ અશોકાનંદે હાથ લાંબા ટૂંકા કરતાં જણાવ્યું, ‘‘અમારા આશ્રમની જગામાં અમારા દાદાગુરુ સત્યાનંદની સમાધિ છે. એની ઉપર એક ભવ્ય મંદિર બાંધવાનું છે. એ માટે અમારા ભકતો પાસેથી ગુરુશિલાને નામે દાન ઉઘરાવીએ છીએ. ઘણા ભકતોએ ચાંદીની ગુરુશિલાઓ આપી હતી. એકબે કોન્ટ્રાકટર ભકતોએ સુવર્ણશિલાઓ પણ આપેલી. બહુમતી ભકતોએ ગુરુશિલા દીઠ રૂપિયા 101 લેખે અમને સાધુઓને આપ્યા છે. આનંદાનંદને વહેમ હતો કે મેં ગુરુશિલાના લાખો રૂપિયા દબાવ્યા છે! એ વારે વારે મારા પર આરોપ લગાવતો અને ગાળાગાળી કરતો. આખરે ગયે બુધવારે તો... હર ભોલે, હર ભોલે! શાન્તં પાપમ્!’’

‘‘હા, તો ગયે બુધવારે શું થયું, મહારાજ?’’

‘‘મેં કહ્યું ને, આનંદાનંદે મને ગાળો આપવા માંડી. હું ય દોડીને એના ઓરડાને બારણે ગયો અને ગાળોનો જવાબ આપવા લાગ્યો. આથી તો એ ખૂબ જ ઉશ્કેરાઇ ગયો અને એનો કડિયાળો મોટો ચીપિયો લઇને મને મારવા ધસ્યો. એ વેળા જો એનો લાગ ફાવ્યો હોત તો એ ચીપિયો મારા પેટમાં ઘૂસી ગયો હોત! પણ ઉશ્કેરાટના તોરમાં મેં થોડે દૂર ધૂણામાં ખોસેલું ગુરુદેવનું ત્રિશૂળ ઉઠાવ્યું અને ગાંડા આખલાની જેમ ધસી આવતા આનંદાનંદ સામે ધરી દીધું. હર ભોલે, હર ભોલે! ત્રિશૂળ એને વાગી ગયું અને એ ઢળી પડયો, બોલો.’’

‘‘હં... પછી?’’



‘‘પછી હું મારા ઓરડામાં જતો રહ્યો. સવાર સુધી સૂતો રહ્યો. સવારમાં ઊઠીને જોયું તો... આનંદાનંદ ધૂણાની પાસે જ પડેલો! નજીક જઇને તપાસ કરી. એનો શ્વાસ જ બંધ થઇ ગયેલો. એટલે એક ગુરુભાઇને છાજે એવી રીતે મેં એને સમાધિ આપી દીધી.’’

‘‘એટલે?’’

‘‘એટલે કે અમારી જમાતના જે સાધુઓ કૈલાસવાસી થાય એમના નશ્વર દેહો માટે ફાજલ રાખેલી જમીનમાં પધરાવી દીધો.’’

‘‘અને આ બધું ગયે બુધવારે, પંદરમી તારીખે બન્યું, એમ?’’

‘‘હા.’’

‘‘પણ આજે તો મંગળવાર ને 21 તારીખ છે! આ દિવસ સુધી તમે કોઇને કે અમને ખબર પણ ન આપ્યા, મહારાજ? તમારી જાતે આનંદાનંદજીને દફનાવી દીધા? કારણ શું?’’

‘‘આનંદાનંદનો દેહ ભૂમિગત કરવાનો તો મારો ધર્મ છે એટલે એ ધર્મકાર્ય કર્યું. એ ગમે તેવો તોય મારો ગુરુભાઇ હતો પણ એક તો મારામારીનો ઉશ્કેરાટ, વળી એકલે હાથે શબને ભૂમિગત કરવાની મહેનત, એ બધાને કારણે મારા પેટના બંધ છૂટી ગયા. મને સખત મરડો થઇ ગયો. થોડાં ડગલાંય ચલાય એવું નહોતું. આજે જરાક સારું લાગ્યું એટલે અહીં આવ્યો. હર ભોલે... આમાં મને જે સજા કરવી-’’

‘‘સજાની વાત પછી, મહારાજ,’’ પરમારે કહ્યું. ‘‘તમને તો ખબર ન હોય કે ગુનેગારને સજા કરવાનું કામ પોલીસ નથી કરતી એ કામ તો ન્યાયતંત્ર કરે છે પણ આ બનાવ બન્યા પછી એક આખું અઠવાડિયું... તમારી વાત અમે તો માનીએ છીએ, મહારાજ, પણ એ અદાલતમાંય ટકવી જોઇશે.’’

‘‘હશે, મારા ભોળાનાથને ગમશે તેમ થશે,’’ અશોકાનંદે એક દીર્ઘ નિઃશ્વાસ મૂકતા કહ્યું. ‘‘આ સ્વામી આનંદાનંદ સંસારજીવનમાં કોણ હતા અને કેવા હતા? એમના ગૃહસ્થજીવનના સંબંધો જળવાઇ રહ્યા હતા ખરા?’’ ઇન્સ્પેકટર પરમારે આ ઘટના અંગેની વિવિધ શકયતાઓ વિચારવા માંડી. ‘‘એમનું મૂળ નામ નટવર મેરઇ હતું. ગૃહસ્થજીવનમાં લગભગ એકાકી હતા એટલે જ સંન્યાસી બનવાનું સહેલું બન્યું હતું. ખાલી એમનો એક ભત્રીજો દર મહિને એકાદ વાર મળવા આવતો. વિકાસ મેરઇ એનું નામ. છોકરો કોઇક કારખાનામાં નોકરી કરે છે અને સાથે સાથે ભણે છે.’’ ‘‘તમને એના સરનામાની ખબર છે?’’ ‘‘હા, એક હોસ્ટેલમાં હજુ તો રહે છે’’ અશોકાનંદે કહ્યું. ‘‘તો એના કાકાના આવા અવસાનના ખબર આપણે એને આપવા જોઇએ. ધારો કે એને જાણ કર્યા વગર કેસ ફાઇલ કરવા જઇએ અને છોકરો પછીથી તોફાન મચાવે તો ઉપાધિ થઇ પડે. તમે જરા એની હોસ્ટેલનું સરનામું લખાવો.’’ અશોકાનંદે સરનામું લખાવ્યું એટલે પરમારે એક કોન્સ્ટેબલને વિકાસની હોસ્ટેલ તરફ રવાના કર્યો. બીજી બાજુ ફોરેન્સિક લેબનો સંપર્ક સાધીને મરહૂમ આનંદાનંદના શબને કાઢીને મરણોત્તર તપાસ માટે વરધી આપી. પછી અશોકાનંદને એમણે તાકીદ કરી, ‘‘હજુ તમારા ઉપર કશી શંકા નથી કે તહોમત નથી, મહારાજ, એટલે અમે તમારી અટકાયત નહિ કરીએ પણ એક મનુષ્યવધના મામલામાં તમે સંડોવાયેલા છો એટલે અમારી મંજૂરી વગર તમે અમદાવાદ-ગાંધીનગરની હદ છોડીને કયાંય જઇ નહિ શકો.’’

‘‘જેવી ભોળાનાથની મરજી, સાહેબ.’’

**(વાચકમિત્રો, એક કહેવત છે કે બધું જેવું દેખાય એવું વાસ્તવમાં હોતું નથી. અહીં શું કશો ભેદ છે? તે આગામી સપ્તાહે વાંચજો. દરમિયાન ગત રહસ્યકથાનો ઉકેલ.)**

### રહસ્યકથા ‘બીનાની બીના’નો ઉકેલ

અજયનો આરોપ સાંભળીને ફૂલસિંહ વળી ઊકળ્યો અને ડોળા ફાડવા લાગ્યો પરંતુ અજયના ડોળા એનાથીય વધુ પ્રભાવશાળી હતા. એણે પડકાર કર્યો. ‘‘સગી બેનના હત્યારા, તારી બધી વાતો જૂઠી છે. તેં થોડાક જ સમય અગાઉ બેનની હત્યા કરી છે. એની સાબિતી છે. ખુલ્લા ફ્રીઝમાં હજુ પ્લેટમાં અકબંધ અને ચળકતો આ બરફ. જો મધરાત જેવા સમયથી આ ફ્રીઝ ખુલ્લું હોય તો બરફ ઘણો ખરો ઓગળી ગયો હોય.’’